*'તબક્કો 1 પ્રાથમિક સારવાર માટે Virtual Care ના નિદાનાત્મક રીતે ઉચિત ઉપયોગ માટેનું માર્ગદર્શન'*

# વ્યવહારમાં અમલી માર્ગદર્શન સ્ટેટમેન્ટ

'ટૂલ્સ' સંબંધિત ગાઈડલાઈન્સ ontariohealth.ca/virtualcareguidance પરથી ડાઉનલોડ કરો

## 1. વર્ચ્યુઅલ પ્રાથમિક સારવારનું આયોજન

☐ કઇ વર્ચ્યુઅલ સેવાઓથી મારા દર્દીઓને ફાયદો થઇ શકે છે તેનું આકલન મેં કર્યું છે

☐ Virtual care ડિલિવર કરવામાં મેં મારી પોતાની ક્ષમતા, સામર્થ્ય અને સાનુકૂળતા નક્કી કરેલ છે (દાખલા તરીકે, ફોન, વીડિયો, સલામત મેસેજીંગ, ઇમેલ વગેરે દ્વારા)

☐ ઉપયોગના સમયે જો કોઇ ચોક્કસ પ્રકારની virtual care અનુકૂળ નથી એ અથવા તે જરૂર મુજબ કામ કરતી નથી એ નક્કી છે તો મારો અભિગમ શું હશે એ મેં નક્કી કરેલ છે.

☐ મેં મારી પ્રેક્ટિસની અંદર રહીને virtual care ઓફર કરવાના મારા ઈરાદાની જાણ કરેલ છે અને તેની સાથે સંકળાયેલ અન્યોને જરૂરી જાણકારી અને આવડત છે એ સુનિશ્ચિત કરેલ છે

☐ હું મારી પ્રેક્ટિસમાં જે પ્રકારની virtual care ઓફર કરું છું (ફોન, વીડિયો સલામત મેસેજીંગ, ઇમેલ) એ અંગે સામાન્ય વિગતો મેં મારા દર્દીઓને જણાવેલ છે

'***Virtual Care* વિશે જાણકારી મેળવવી વિકલ્પો'** ટૂલનો ઉદ્દેશ ક્લિનિશિયન અને ઓફિસ કર્મચારીઓને દર્દીઓને ઓફર કરવામાં આવતી virtual care અંગે જાણકારી આપવામાં મદદ કરવાનો છે. આ ટૂલ ontariohealth.ca/virtualcareguidance પરથી ડાઉનલોડ કરો

## 2. Virtual Primary Care સેવાઓ મેળવવાની દર્દીની ક્ષમતાનું આકલન કરવું, તેનું દસ્તાવેજીકરણ કરવું અને તેનાથી માહિતગાર કરવા

☐ ઉપલબ્ધ virtual care વિકલ્પોનો ઉપયોગ કરવામાં મારા દર્દીઓની સાનુકૂળત, સામર્થ્ય અને આવડત વિશે મેં તેમની સાથે ચર્ચા કરી છે.

☐ Virtual care ના ઉપયોગમાં આવતા દર્દી સંબંધિત પડકારો અને જો કોઇ ટેકનિકલ સમસ્યા ઉભી થાય તો બેક-અપ પ્લાન સમાવવા સહિતના આયોજનની જાણ મેં કરી છે.

☐ દર્દીની અગ્ર પસંદગીઓનું દસ્તાવેજીકરણ કરવા અને આ ટીમના જરૂરી સભ્યો સાથે આ માહિતી શેર કરવા માટેની વ્યવસ્થા મારી પાસે છે

☐ જો સંજોગો બદલાય, તો આવા કોઈપણ ફેરફારોનું પુન:આકલન કરવા, તેનું દસ્તાવેજીકરણ કરવા અને તેની જાણ કરવાની પદ્ધતિ મારી પાસે છે

'***Virtual Care* ના ઉપયોગ માટેનું ચેકલિસ્ટ'** ટૂલનો ઉદ્દેશ દર્દીઓની અગ્ર પસંદગીઓ અને આવડત તેમની સાથે શેર કરવા અને તેના પર વિચારણા કરવામાં મદદ કરવાનો છે. આ ટૂલ ontariohealth.ca/virtualcareguidance પરથી ડાઉનલોડ કરો

## 3. Virtual Primary Care ડિલિવર કરવી

☐ Virtual care ની ડિલિવરી કરવા સંબંધિત પુરાવાઓ/અગ્રણી પ્રણાલિઓ અંગે હું મારી જાતને માહિતગાર રાખું છું

☐ હું મારી પ્રેક્ટિસની અંદર એવી વ્યક્તિઓને ઉચિત દિશા-નિર્દેશ અને સહયોગ પ્રદાન કરું છું જેઓ virtual care ડિલિવરી સાથે સંકળાયેલ છે.

☐ હું અચાનક આવી પડતી સંકટકાલિન સ્થિતિ માટેના કારણ અને કેટલી તાકીદે એનું નિવારણ કરવું પડશે એનો વિચાર કરું છું અને સમયની માંગ હોય તો વ્યક્તિગત રૂપે એમાં સમગ્ર ધ્યાન આપું છું

☐ હું પડકારજનક સ્થિતિમાં નિદાનાત્મક રજૂઆતની જટિલતા અને માહિતીની સંવેદનશીલતા પર વિચાર કરું છું અને સમયની માંગ હોય તો વ્યક્તિગત રૂપે એમાં સમગ્ર ધ્યાન આપું છું

☐ મારી વ્યવસાયિક આવશ્યકતાઓ અનુસાર ઉપયોગમાં લેવાતી રીત-રસમો સહિત અચાનક ઉભી થતી સંકટકાલિન સ્થિતિનું દસ્તાવેજી કરવાની અને તેનો ઉપયોગ કરી શકવાની વ્યવસ્થા મારી પાસે છે

Ontario Health